# ગુજરાત શૈક્ષણિક પ્રોદ્યોગિકી સંસ્થા

**નાના પાયે શરૂઆતઃ**

- **આ સંસ્થા ઇનસેટ પરિયોજના નીચે એપ્રિલ ૧૯૮૪ માં સ્થાપવામાં આવી હતી. આ સંસ્થા ની નોંધણી મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ સ્વવતંત્ર સંસ્થા તરીકે ૧૩ મી ડિસેમ્બર ૧૯૯૪ ના રોજ કરવામાં આવી છે.**

- **આ સંસ્થા અમદાવાદમાં પોલિટેકનિક, હોસ્ટેલ બિલ્ડિંગમાં કામચલાઉ સ્ટુડિયોમાં નાના પાયે શરૂ કરવામાં આવી હતી. પાછળથી આવશ્યક સંસાધનો મેળવવામાં આવ્યાં હતાં, સ્ટાફની પુરવણી કરાઇ હતી, સ્ટાંફના સભ્યોને ટેકનિકલ તાલીમ અપાઇ હતી અને બીજું પ્રારંભિક પગલાં લેવાયાં હતાં.**

- **કાર્યક્રમોનું નિર્માણ ડિસેમ્બર ૧૯૮૫ થી શરૂ કરાયું હતું. સંસ્થા તેના હાલના સ્ટુડિયોના મકાનમાં પાછળથી ખસેડાઇ હતી.**

- **ભારત સરકારે આ સંસ્થા ને તમામ આવશ્યક સંસાધનો પૂરાં પાડ્યાં હતાં. સંસ્થાનો સમગ્ર વિકાસ સી.આઇ.ઇ.ટી., નવી દિલ્હી અને નેશનલ કાઉન્સિથલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ, નવી દિલ્હીની અમૂલ્ય માર્ગદર્શનને આભારી છે.**

- **ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા્ને માનવ સંસાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હી અંશતઃ નાણાં આપે છે. ગુજરાત સરકાર તેને ૨૦૦૩–૦૪ થી મોટા ભાગની નાણાકીય સહાય પૂરી પાડે છે.**
- **ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગ સંસ્થાના વહીવટ પર દેખરેખ રાખે છે. સંસ્થાની સામાન્ય પ્રવૃત્તિઓ અને નીતિ પર દેખરેખ રાખવા માટે વચવસ્થાપક મંડળ અને કારોબારી સમિતિ જવાબદાર છે.**

## હેતુ અને ઉદ્દેશ

### હેતુ

- ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યૌગિકી સંસ્થાનોમુખ્ય હેતુ શિક્ષકો અને નિર્દિષ્ટા વયજૂથનાં બાળકો માટે ઊંચી ગુણવત્તાવાળા હેતુપૂર્ણ અને મૂલ્ય આધારિત રેડિયો અને ટેલિવિઝન શિક્ષણ આપવા માટે આવા કાર્યક્રમોના નિર્માણમાં પૂરતી સહાય આપવાનો છે.

### ઉદ્દેશ

- ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા, અમદાવાદના મુખ્યૂ ઉદ્દેશ આ છે
  - ઊંચી ગુણવત્તાવાળા અને હેતુપૂર્ણ રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ કરવું.
  - પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણને મદદ કરે અને સમર્થન આપે તેવા કાર્યક્રમોનું નિર્માણ કરવું.
  - શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અંગેની માહિતી પ્રસિદ્ધ કરવી.
  - રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમો માટે સ્ક્રિ્પ લખવા શિક્ષકોને તાલીમ આપવી.
  - શાલેય અને અશાલેય શિક્ષણની ગુણવત્તા વિકસાવવી અને તેમાં મૂલ્યો દાખલ કરવું.
  - ટેલિવિઝન પર દર્શાવેલા શૈક્ષણિક કાર્યક્રમો પર દેખરેખ રાખવી તેનું મૂલ્યાંકન કરવું અને તેના વિશે અભિપ્રાય એકત્રિત કરવા.
  - રેડિયો અને ટી.વી. કાર્યક્રમોના પ્રસારણ અંગે સમયપત્રક અને બીજી માહિતી દર્શાવતા ચોપાનિયા તૈયાર કરી પ્રકાશિત કરવાં.

## દ્રષ્ટિ

### દ્રષ્ટિ

- સમય બદલાતાં આ સંસ્થા શૈક્ષણિક ડિલીવરી પદ્ધતિ વિકસાવવા સજ્જ કરાઈ છે.
- શિક્ષણ, વન, આરોગ્ય અને પંચાયત જેવા વિષયો પર વધારે ગુણવત્તા કાર્યક્રમોનું નિર્માણ કરવું.

❖ ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થાર ખાનગી ચેનલો પર કાર્યક્રમોનું પ્રસારણ કરવાનો ઈરાદો ધરાવે છે.

❖ પ્રાથમિક શાળાઓને વીસીડી/ડીવીડી આપવી.


❖ હાલ આ સંસ્થા પાસે ડિજિટલ વિઝન મિક્સર, ડિજિટલ નોન–લીનિયર એડિટિંગ સેટ અપ, ડિજિટલ ઈન્ટરકોમ જેવાં પોતાનાં સંસાધન છે.

❖ સ્ટુટડિયોનાં બાકીના સંસાધનનું ડિજિટલ ફોર્મમાં રૂપાંતર કરવાનો ઈરાદો રાખે છે.

❖ આ સંસ્થાનો લક્ષ્યાંક ઉદ્યોગમાંથી ઉત્તમ નિયામકોની પેનલ બનાવીને ભવિષ્યના પ્રસારણમાં વધારે કાર્યક્ષમતા, વધારે સારી ગુણવત્તા અને વિવિધતા મેળવવાનો છે.

❖ એજ્યુ.સેટની મદદથી આ સંસ્થા્ રાજ્યના તદ્દન અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચવાનો ઈરાદો રાખે છે.

## સંગઠન માળખુ




## વ્યવસ્થા રૂપરેખા

➢ ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થાની સ્વતંત્ર સંસ્થા તરીકે નોંધણી કરવામાં આવી છે, જેથી સંસ્થાના હેતુ પરિપૂર્ણ કરવા કાર્યક્ષમતાપૂર્વક કામ કરવા તેને પૂરતી સ્વતંત્રતા મળી શકે.

➢ સંસ્થાની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા અને તેને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા

માટે જુદી જુદી સમિતિઓ રચવામાં આવી છે.

**વ્યવસ્થાપક મંડળ :**

- સંસ્થાની વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન કરવું.
- વધારે કાર્યક્ષમ વ્યવસ્થાં પ્રત્યેં ધ્યાનકેન્દ્રિત કરીને સંસ્થાં નીતિવિષયક માર્ગદર્શન પૂરું પાડવું.
- કારોબારી સમિતિએ મૂલ્યાંકન કરેલા વાર્ષિક અહેવાલને બહાલી આપવી.
- કેન્દ્રી સરકારને મોકલવા માટે અંદાજપત્રને બહાલી આપવી.

- **સંસ્થામાં વ્યવસ્થાપક મંડળ ઉપરાંત નીચેની સ્થાયી સમિતિઓ છે.**
  - કારોબારી સમિતિ વ્યવસ્થાપનના પ્રશ્નો પર દેખરેખ રાખે છે અને સલાહ આપે છે.
  - કાર્યક્રમ સલાહકાર સમિતિ, નિર્માણ વિભાગ પર દેખરેખ રાખે છે અને સલાહ આપે છે.
  - નાણા અને મહેકમ સમિતિ કર્મચારીઓ અંગેના પ્રશ્નોને લગતી નાણાકીય બાબતો અને સેવા પર દેખરેખ રાખે છે.
- આ બધી સમિતિઓ સંસ્થાના ઉદ્દેશપત્રની સત્તા હેઠળ કામ કરે છે.
- આ સમિતિઓ ઉપરાંત સ્ક્રિપ સમિતિ અને પૂર્વદર્શન સમિતિ હોય છે.

**સ્ક્રિપ સમિતિ :**

- શિક્ષકોને સ્ક્રિપ લખવામાં તાલીમ આપવા માટે ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા કાર્યશાળા યોજે છે અને પાઠ્યપુસ્તેકો આધારિત સ્ક્રિપ તૈયાર કરે છે.
- આ વિષયો ઉપરાંત, સાંસ્કૃતિક અને નૈતિકમૂલ્ય, સંશોધન, સાહિત્ય પુરું અભયારણ્ય અને પ્રાચીન સ્થાપત્ય જેવા વિષયોમાં સ્ક્રિપ તૈયાર કરવામાં આવે છે.
- ત્યાર પછી આ સ્ક્રિપ સ્ક્રિપસમિતિને રજૂ કરવામાં આવે છે.
- સમિતિ આ સ્ક્રિ્પનું મૂલ્યાંકન કરે છે.
- આ રજૂ કરેલી સ્ક્રિપ સ્વીકારવી કે અસ્વીકારવાની તેને સત્તા છે.
- ત્યાર પછી આ મંજૂર કરેલી સ્ક્રિપ ટેલિવિઝન / રેડિયો કાર્યક્રમના નિયામકને

સોંપવામાં આવે છે.

## પૂર્વદર્શન (પ્રી–વ્યુ) સમિતિ :

- સ્ક્રિપ એકવાર મંજૂર થાય અને નિયામક કાર્યક્રમ ઘડતાં, તે પૂર્વદર્શન સમિતિને રજૂ કરવામાં આવે છે.
- પૂર્વદર્શન સમિતિ રજૂ કરેલા કાર્યક્રમોનું મૂલ્યાંકન કરે છે અને તે મંજૂર કરે છે.
- સમિતિ કાર્યક્રમનાં ટેકનિકલ અને શૈક્ષણિક પાસાં તપાસે છે.
- પૂર્વદર્શન સમિતિને કાર્યક્રમ યોગ્ય કક્ષાનો ન લાગે તો સૂચનો કરવાની અને તે નામંજૂર કરવાની સત્તા છે. મંજૂર કરેલા કાર્યક્રમને પ્રસારણ માટે મોકલી આપવામાં આવે છે.

## મૂલ્યાંકન

- શિક્ષકો અને નિર્દિષ્ટ વય જૂથના વિદ્યાર્થીઓ માટે કરેલા શૈક્ષણિક કાર્યક્રમો માટેનું સંસ્થા મૂલ્યાંવકન કરે તે મહત્વેનું છે.
- આ સંસ્થા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોને લગતાં માસિક સમયપત્રક તૈયાર કરે છે.
- આ માસિક સમયપત્રક ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા પ્રકાશિત થતા મેગેઝિન ‘‘જીવનશિક્ષણ’’ માં પ્રકાશિત કરવામાં આવે છે.
- આ સમયપત્રક દરેક જિલ્લા કેન્દ્રવર્તી અધિકારીને પણ મોકલવામાં આવે છે.
- મૂલ્યાંકનની પ્રક્રિયા સઘન બનાવવા માટે દરેક જિલ્લ્ને શિક્ષણ નિરીક્ષક કક્ષાના અધિકારી કેન્દ્રયવર્તી જિલ્લા અન્વેક્ષક તરીકે મૂકવામાં આવે છે.

- આ કેન્દ્ર વર્તી અધિકારી મારફત શાળાઓને આ કાર્યક્રમ અંગે નિયમિત રીતે જાણ કરવામાં આવે છે.
- આ કાર્યક્રમો નિયમિત જોવામાં આવે તેની અધિકારી ખાતરી કરે છે અને શાળાઓ પાસેથી મૂલ્યાંકન ફોર્મ મેળવે છે.
- જુદી જુદી શાળાઓના આ પ્રતિભાવ વધુ સારાં કાર્યો માટે સુધારો કરવા અને આયોજન કરવા સંસ્થા ને સહાયરૂપ થાય છે.

## નિર્માણ

- આ સંસ્થા શૈક્ષણિક દ્રશ્યશ્રાવ્યી કાર્યક્રમોનું નિર્માણ કરે છે.
- આ કાર્યક્રમો શૈક્ષણિક અને નૈતિક હોય છે અને મુખ્યત્વે શિક્ષકો અને નિર્દિષ્ટ વયજૂથનાં બાળકો માટે હોય છે.
- આ કાર્યક્રમોની ગુણવત્તા સુધારવા અને ટકાવી રાખવા ખાસ કાળજી લેવામાં આવે છે.
- પૂર્વ–દર્શન સમિતિ તેનું મૂલ્યાંકન કરી તેને મંજૂર કરે તે પછી જ આ કાર્યક્રમોનું પ્રસારણ થાય છે.
- આ કાર્યક્રમો મુખ્યત્વે શિક્ષકો અને બાળકો કેન્દ્રિ હોવાથી, શિક્ષકો તેને તૈયાર કરવામાં પણ મહત્વકની ભૂમિકા ભજવે છે.
- શિક્ષકો બહુધ કાર્યક્રમોની સ્ક્રિપ લખે છે, સ્ક્રિપ મંજૂર કરે તે પછી કાર્યક્રમ તૈયાર કરવામાં શિક્ષકોની મદદ લેવામાં આવે છે.
- આ સંસ્થા પાસે વિવિધ વિષયો પર લગભગ ૧૦૦૦ શૈક્ષણિક કાર્યક્રમોનો સંગ્રહ છે.
- લગભગ ૨૦૦ કાર્યક્રમની વીસીડી પણ ઉપલબ્ધ છે. આ વીસીડી શાળામાં અને તેમાં રસ ધરાવનારાઓને વાજબી ભાવે વેચવામાં આવે છે.

## દ્રષ્ય–શ્રાવ્ય નિર્માણ માટે વિષયો :

- ગુજરાતી
- હિન્દી
- અંગ્રેજી
- સંસ્કૃત
- ગણિતશાસ્ત્ર
- સામાજિક અભ્યા્સ
- વિજ્ઞાન
- કોમ્યુટર
- શિક્ષણનુંમુલ્ય
- કલા
- સંગીત
- રમતગમત
- યોગ
- એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષાઓને લગતા વિષયો
- વિશિષ્ટ વ્યક્તિઓ સાથે બેઠક અને ઈન્ટરવ્યુ

- ગીત
- સંસ્કૃતિ
- પર્યાવરણ
- આરોગ્ય
- બુદ્ધિશાળી બાળકો સાથે આંતરક્રિયા
- નૃત્ય / લોકનૃત્ય / નાટક
- સ્ત્રી શિક્ષણ, સરદાર સરોવર જેવી રાજ્ય પરિયોજનાઓ

- આ કાર્યક્રમોની યાદી સંસ્થાની વેબસાઇટ *www.gietonline.org* માં મૂકી છે. અમારો સંપર્ક ઇ–મેલ પર કરી શકાય.

**નિર્માણની વિશિષ્ટતાઓ :**

- આમાં ૨૦૦ કાર્યક્રમની વીસીડી ઉપલબ્ધ છે.
- સ્ત્રીઓ શિક્ષણ, પર્યાવરણ, સાક્ષરતા, બોર્ડની પરીક્ષાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને એવોર્ડની વહેંચણી જેવા રાષ્ટ્રીય અને સામાજિક પ્રશ્નો અંગે કાર્યક્રમોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- સરકારનું વન ખાતું, મહિલા સામાયિક અને સતત અક્ષરજ્ઞાન જેવાં સંગઠનો તેમની સંસ્થા માટે ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા કાર્યક્રમોનું નિર્માણ કરે તેવું પસંદ કરે છે.
- સ્ક્રિપ લેખન કાર્યશાળામાં સ્ક્રિપ લખવા માટે દર વર્ષે ૪૫–૫૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે.
- આ કાર્યશાળાઓ વર્ષમાં બે વાર કે ત્રણ વાર યોજાય છે.
- મિડલશાળાઓ અને ઉચ્ચતર શિક્ષણને લગતા વિષયો પર કાર્યક્રમો બનાવવામાં આવ્યા છે.
- આ કાર્યક્રમોની વીસીડી દર્શાવવામાં આવે છે અને વિજ્ઞાન મેળા જેવા પ્રસંગોએ તે વાજબી કિંમતે વેચવામાં આવે છે.
- ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યૌગિકી સંસ્થા એવોર્ડ જીતનાર અને ખાસ શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુનું પ્રસારણ કરે છે.

- બાળકો માટે એનિમેશન ફિલ્મોનું નિર્માણ કરવામાં આવે છે.
- આ સંસ્થા સારા અને અનુભવી નિયામકો, કેમેરામેન અને બહારના કલાકારોની આમંત્રણ આપે છે અને પેનલ બનાવે છે અને તેમનાં મદદ અને માર્ગદર્શન અનુસાર કાર્યક્રમો તૈયાર કરે છે.
- સી.આઇ.ઇ.ટી. નિર્મિત હિંદી કાર્યક્રમોનું પ્રાદેશિક ભાષામાં ડબિંગ થાય છે.
- રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ જેવા બનાવોને અને બાળકોમાં વૈજ્ઞાનિક માનસને પ્રોત્સાહન આપવા સ્થાનિક વિજ્ઞાન પ્રદર્શનોને આવરી લઇ તેનું પ્રસારણ થાય છે.
- ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા દર વર્ષે ૨૦૦ શ્રાવ્ય અને ૪૦ દ્રશ્ય કાર્યક્રમોનું નિર્માણ કરવાનો ઈરાદો રાખે છે.
- રાજ્યની બોર્ડની પરીક્ષાઓમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને મદદ અને સહાય કરવા, ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા છેલ્લાં ત્રણ વર્ષથી પરીક્ષને લગતા કાર્યક્રમો અને વિદ્યાર્થીઓને માનસશાસ્ત્રી્ય માર્ગદર્શન આપતા કાર્યક્રમોનું નિર્માણ કરે છે.

## સ્ટુડિયો

- આ સંસ્થામાં માલિકીનો સ્ટેટ ઓફ ધી આર્ટ સ્ટુડિયો છે. તેને અદ્યતન સંસાધનોથી સજ્જ કરવામાં આવ્યો છે. આ સ્ટુડિયોને યોગ્ય સમયાંતરે ઊંચી કક્ષાનો આંતરરાષ્ટ્રીય ધોરણનો બનાવ્યો છે. સ્ટુડિયોમાં ડિજિટલ સ્વીચ, ડિજિટલ કેમેરા, નોન–લીચર એડિટિંગ સેટ–અપ, વીસીડી/ડીવીડીરાઇટર અને પ્રિન્ટર છે.
- બહારના શુટિંગ માટે ચાર અદ્યતન ઇ.એન.જી. સેટ–અપ પણ છે.

## ગ્રંથાલય

- આ સંસ્થાંનું અદ્યતન કેસેટ ગ્રંથાલય છે. કરવામાં આવે તે બધા કાર્યક્રમ બેટા કેમ કેસેટમાં સંગ્રહ કરી આ ગ્રંથાલયમાં જાળવવામાં આવે છે.
- આ કેસેટની સલામતી માટે ઘણી કાળજી લેવામાં આવે છે.
- આ કેસેટમાં કોરી કેસેટ અને સીડીઓનો પણ સમાવેશ થાય છે.

- આ ગ્રંથાલયમાં ૧૦૦૦ કાર્યક્રમોની કેસેટ જાળવવામાં આવે છે.
- આ ગ્રંથાલય સંસ્થાની કિંમતી મિલકત છે.

## મુખ્ય પ્રવૃત્તિઓ

**ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી સંસ્થા , અમદાવાદની મુખ્ય પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :**

- ✓ શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા માટે ઊંચી કક્ષાના અને હેતુપૂર્ણ રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ.
- ✓ શિક્ષકો અને નિર્દિષ્ટ વય–જૂથમાં બાળકો માટે સારી ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવા ટેલિવિઝન પર શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ કરવું.
- ✓ રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમો માટે સ્ક્રિપ લખવા માટે કાર્યશાળાઓ યોજવી અને સ્ક્રિપ લખવા માટે તાલીમ આપવી.
- ✓ ભવિષ્યમાં વધુ સારા કાર્યક્રમોનું નિર્માણ કરવા, કાર્યક્રમો વિશે અભિપ્રાય મેળવવા અને તેનું મૂલ્યાંકન કરવું.

- આ સંસ્થા શિક્ષકો અને ૬–૧૪ વર્ષની વયજૂથમાં બાળકો માટે કાર્યક્રમોનું નિર્માણ કરે છે.
- આ કાર્યક્રમો દૂરદર્શનની ડીડી–૧ અને ડીડી–૧૧ દરરોજ સવારે ૯:૩૦–૦૦ થી ૧૦–૦૦ અને બપોરે ૨:૩૦–૩:૦૦ સુધી પ્રસારિત કરવામાં આવે છે આ કાર્યક્રમોમાં શૈક્ષણિક સમૃદ્ધિ અને શૈક્ષણિક મનોરંજનના વિષયોનો સમાવેશ થાય છે.
- શૈક્ષણિક અને ટેકનિકલ ગુણવત્તા બંને જાળવવા પૂરતી કાળજી લેવામાં આવે છે. આ કાર્યક્રમો શિક્ષકોની મદદથી તૈયાર કરવામાં આવે છે. વિષયની સમૃદ્ધિ માટે જરૂરી હોય તો વિષય – નિષ્ણાતો સાથે મંત્રણા પણ કરવામાં આવે છે.